
# આખરે હાર્દિક કોંગ્રેસમાં જોડાતો કેમ નથી ?






ગાંધીનગર, તા. ૧

હાર્દિક કોંગ્રેસનો એજન્ટ છે તેવો ભરપુર પ્રચાર ભાજપ તરફથી શરૂ થયો છે. હાર્દિક કોંગ્રેસના નેતાઓને મળે છે, પણ હજી હાર્દિક કોંગ્રેસમાં જોડાવવા અંગે ફોડ પાડતો નથી. સુત્રોના જણાવ્યા પ્રમાણે હાર્દિક પટેલે કોંગ્રેસમાં જોડાવવાનો નથી તેવી સ્પષ્ટતા પોતાના સાથીઓ પાસે કરી દીધી છે. ૨૩ વર્ષનો હાર્દિક ગુજરાત ૬૦ વર્ષના રાજકારણને સારી રીતે સમજી ગયો છે અને તેણે વિચારી રાખેલી વ્યુહ રચના પ્રમાણે તેનું કોંગ્રેસમાં જોડાવવું કોંગ્રેસ અને હાર્દિક બંન્ને માટે ઘાતક થઈ શકે છે તેવું તેનું વ્યકિગત માનવું છે.કોંગ્રેસના સુત્રો પાસેથી મળેલી જાણકારી પ્રમાણે હાર્દિકની સભામાં જે હજારો લોકો અત્યારે આવી રહ્યા છે, તે હાર્દિકનો કરીશ્મા છે. હાર્દિકને સમજ છે કે તેનો કરિશ્મા એટલા માટે છે કે તે હજી કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાયો નથી. તે રાજકીય પક્ષમાં જોડાયો નથી, તેના કારણે તે હાર્દિક ભાજપને ભાંડી રહ્યો છે તે વાત પાટીદારો સહજતાથી સ્વીકારી રહ્યા છે. પાટીદારોનો બહુમતી વર્ગ હાર્દિક સાથે સંમત્ત છે કે ભાજપના કારણે તેમના જીવનમાં મુશ્કેલી છે.

હમણાં હાર્દિક પાટીદારના નેતા તરીકે ખેડૂતો, વિધ્યાર્થીઓ અને ગરીબોની વાત કરી રહ્યો છે, પાટીદારો માને છે કે તેમના પ્રશ્નનો ઉકેલ હાર્દિક દ્વારા મળી શકે તેમ છે.આ સ્થિતિમાં હાર્દિક કોંગ્રેસમાં જોડાવવાની વાત કરે તો સંભવાના છે કે પાટીદારનો એક વર્ગ હાર્દિકથી અલગ થઈ શકે છે. જેના કારણે હાર્દિકના આંદોલનને પણ નુકશાન થઈ શકે છે.

આ સ્થિતિમાં પાટીદાર આંદોલન અકબંધ રહે, છતાં ભાજપ સાથે બદલો લઈ શકાય તેવી વ્યુહ રચના હાર્દિકની છે. વિશ્વસનીય સુત્રોના જણાવ્યા પ્રમાણે હાર્દિકે પોતાના સાથીઓને કોંગ્રેસ ટીકીટ આપતી હોય તો કોંગ્રેસની ટીકીટ ઉપર ચૂંટણી લડવી જોઈએ તેવી સલાહ આપી છે અને કોંગ્રેસે પણ આંદોલન સાથે જોડાયેલા દસ નેતાઓને ટીકીટ આપવાની તૈયારી બતાડી છે પણ હાર્દિક પોતે વ્યકિતગત રીતે કોંગ્રેસમાં જોડાશે નહીં તેવું તેણે મન બનાવી લીધુ છે.હાર્દિક અને જીજ્ઞેશ મેવાણી બંન્ને કોગ્રેસમાં જોડાયા વગર ભાજપને પાડી દો તેવા મુડમાં છે.

### ભાજપના મંત્રીનો વડોદરામાં બફાટ : વિડીયો વાઈરલ

# મને ચૂંટણીમાં ટીકીટ નહીં આપો તો ચાલશે, ફટકારવાની મંજૂરી આપો





ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં આગમી ડીસેમ્બર માસમાં વિધાનસભાની ચૂંટણી યોજાનારી છે, ત્યારે ભાજપ દ્વારા ઠેર ઠેર સ્નેહમિલનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેવામાં શહેરની રાવપુરા બેઠકના સ્નેહ મિલન કાર્યક્રમમાં રાજયના રમત ગમત મંત્રી મંચ પરથી કંઈ એવુ બોલી ગયા કે, સાંભળનાર સૌ કોઈ ચોકી ઉઠ્યાં, અને જોત જોતામાં મંત્રીનો આ વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા લાગ્યો હતો અને એ હવે ભાજપ માટે નવી મુસીબત બની રહ્યો છે.

વિધાનસભાની ચૂંટણી ટાણે શહેરના કેટલાક દાવેદારો સામે પત્રિકા વોર શરૂ થઈ છે, જેને અનુલક્ષી રાવપુરા બેઠકના ધારાસભ્ય અને રાજયના રમત ગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ યોજેલા સ્નેહ મિલન કાર્યક્રમમાં મંચ પરથી ભાષણ આપતા સમયે કહ્યું કે, એક સમયે જ્યારે કેસરિયા રાજ શરુ થયું હતું, ત્યારે પાર્ટી વિરૂધ પ્રવૃતિઓ કરનારને ફટકારવામાં આવતા હતા. તે સમયે પ્રદેશ અધ્યક્ષ કાશીરામ રાણા હતા અને તેમણે ફટકારવાની મંજૂરી આપી હતી. મને ચૂંટણીમાં ટીકીટ નહીં આપો તો ચાલશે પરંતુ પાર્ટી વિરોધી પ્રવૃતિઓ કરતા લોકોને ફટકારવાની મંજૂરી આપો, તો બધાને સીધા કરી નાખીશ.

### રાજપુતોનું આંદોલન તોડવા ભાજપનો નવો દાવ

# કોડીનારમાં રાજપુત સંમેલનનું આયોજન

અમરેલી, તા. ૧

ભાવનગરથી શરૂ થયેલા રાજપુત આંદોલને વેગ પકડયો છે, તા ૫મી નવેમ્બરના રોજ બાવળામાં રાજપુતોએ બોલાવેલા રાજપુત સંમેલનમાં પંકચર પાડવા માટે ભાજપ દ્વારા તા ૪ નવેમ્બરના રોજ રાજપુત સંમેલન બોલાવવાની જાહેરાંત કરી છે. આ સંમેલન ભાજપના પુર્વ સાંસદ દિનુ સોંલકીના મુદ્દે બોલાવવામાં આવ્યુ છે, દિનુ સોંલકીને અમીત જેઠવા કેસમાં સુપ્રીમ કોર્ટ દ્વારા મળેલા જામીન રદ થયા છે અને સુપ્રીમ કોર્ટે ૪૮ કલાકમાં સોલંકીને જેલ હવાલે જવાનો આદેશ આપ્યો છે, પણ આ મુદ્દે ભાજપ કોંગ્રેસ અત્યાચાર કરી રહ્યુ છે તેવો મુદ્દો ઉપસ્થિત કરી સંમલેન બોલાવી રહ્યુ છે.

ભાજપના પુર્વ સરપંચ દાનસંગ મોરી સામે જીતુ વાઘાણી દ્વારા કરાવવામાં આવેલા ખોટા પોલીસ કેસના મુદ્દે કારડીયા રાજપુતો સહિત અન્ય રાજપુતો એકત્ર બાવળાના ભાયલા ખાતે સંમેલન બોલાવી રહ્યા છે. આ મુદ્દે વાઘાણી અને ભાજપે પછડાટ ખાધા બાદ તે વળતા પ્રહાર રૂપે કોડીનારમાં છારા ઝાપા ખાતે દિનુ સોંલકીની તરફેણમાં રાજપુત સંમેલન બોલાવી ભાયલાના સંમલેનને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. દિનુ સોલકીની જેઠવા હત્યા કેસમાં ધરપકડ થઈ હતી અને બાદમાં જામીન મળ્યા હતા, જે જામીન સુપ્રીમ કોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યા છે. આમ આખો મામલો સીબીઆઈ અને સુપ્રીમ કોર્ટ છે. આ કેસમાં કોંગ્રેસનો કોઈ આરોપ નથી અને કોંગ્રેસની કોઈ ભુમીકા નથી, આમ છતાં દિનુ સોંલકીને કોંગ્રેસ અન્યાય કરી રહી છે, તેવો વાહિયાત મુદ્દો બનાવી કાડીનારમાં સંમેલન બોલાવવામાં આવ્યુ છે. આ સંમેલનના કર્તાહર્તા મંત્રી જશા બારડ છે. કારડીયા રાજપુત સમાજમાં બહુ જાણિતી વાત કે જસા બારડ અને દિનુ સોલકીને બોલવાનો પણ સંબંધ નથી. પણ હવે ભાજપના કહેવાથી જશા બારડ તા ૫મીનું સંમલેન નિષ્ફળ જાય તે માટે દિનું સોંલકી અને કોંગ્રેસનો મુદ્દો ઉપસ્થિત કરી સેમલન બોલાવી રહ્યા છે.

# જામનગરમાં પાટીદાર કાર્યકર્તાઓ દ્વારા હાર્દિક પટેલનું બેસણું યોજાયું

## હાર્દિક પાટીદાર સમાજના યુવાનોને ગેરમાર્ગે દોરી રહ્યો છે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને પણ હાર્દિક પર કર્યા પ્રહાર



જામનગર, તા. ૧

બે વર્ષથી પાટીદાર યુવાનો દ્વારા અનામત આંદોલન શરુ કરવામાં આવ્યું હતું. આ આંદોલનમાં ઘણા લોકોનું સર્મથન મળ્યું છે. આ આંદોલનને હવે રાજકારણમાં ફેરવાઈ રહ્યું હોય તેવા આક્ષેપ સાથે જામનગરના પાટીદાર કાર્યકર્તા દ્વારા હાર્દિક પટેલનો વિરોધ કરવામાં આવ્યો હતો. અને જામનગરમાં પાટીદાર કાર્યકર્તા દ્વારા હાર્દિક પટેલને મૃત જાહેર કરી તેનું બેસણું રાખવામાં આવ્યું હતું. જામનગર એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે પાટીદાર કાર્યકર્તા દ્વારા હાર્દિકની તસ્વીર પાસે ચંપ્પલો રાખવામાં આવ્યા હતા અને બાદમાં હાર્દિકના ફોટા પર ચંપ્પલો મારવામાં આવ્યા હતાં. વિરોધ કરી રહેલ પાટીદાર યુવાને જણાવ્યું હતુ કે, આજથી આશરે ૨ વર્ષ પહેલા પાટીદારોને અનામત અપાવવા માટેનું એક આનંદોલન શરુ કરવામાં આવ્યું હતું. પણ એવું લાગી રહ્યું છે કે અનામત તો માત્ર બહાનું હતું સાચું તો એ છે કે કોંગ્રેસને સત્તા ઉપર લાવવાની છે. એટલે અમે પાટીદાર આંદોલનમાંથી ખસી ગયેલા છીએ.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા હાર્દિક પર આકરા પ્રહાર કરતા જણાવાયું હતુ કે, હાર્દિકને કોંગ્રેસનો ટેકો છે. હાર્દિક પ્રાઈવેટ અનામત આંદોલન ચલાવે છે. તે પાટીદાર સમાજને અંદરોઅંદર લડાવવાનું બંધ કરે. હાર્દિક પાટીદાર સમાજના યુવાનોને ગેર માર્ગે દોરી રહ્યો છે એવો પ્રહાર પણ ફાઉન્ડેશન દ્વારા હાર્દિક પર કરવામાં આવ્યો છે.

# ભાજપ દ્વારા ત્રણ વર્તમાન મંત્રીઓને ટિકિટ નહીં



ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં ચૂંટણીનો પ્રસંગ જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ તેમાં ખબરોના નવા રંગો પણ ઉમેરાતા જાય છે, જે કારણે વળી ચૂંટણીની આ રંગોળી વધુ ને વધુ ઘેરી બની રહી છે.

આ ક્રમમાં એક નવા સમાચાર એ પ્રાપ્ત થયા છે કે ભાજપ પોતાના વર્તમાન ત્રણ મંત્રીઓને જ ટિકિટ આપવાના મૂડમાં નથી.

રાજ્યના પ્રબુદ્ધ નાગરિકોમાં એવી પણ ચર્ચા છે કે ભાજપ જો આ વખતે નવા ચહેરાઓને સ્થાન નહીં આપે તો તેને ચૂંટણીમાં મુશ્કેલી પડી શકે તેમ છે. આ સંજોગોમાં ભાજપ ફૂંકી ફૂંકીને પગલાં ભરે એ સ્વાભાવિક છે. વળી, મોદીની લહેર પણ આ વખતે જોઈએ તેવી અસરકારક દેખાઈ નથી રહી. પહેલાં ચૂંટણીમાં મોદીભક્તો ખૂલીને બોલતા દેખાતા હતા ને હવે મોદીવિરોધીઓનો અવાજ ઊંચો થઈ રહ્યો હોવાનું પણ જોવામાં આવી રહ્યું છે.

આ સંજોગોમાં નવા ચહેરાની જાહેરાતો ભાજપ દ્વારા સમય આવ્યે કરવામાં આવશે, પણ આધારભૂત સૂત્રો જણાવે છે કે ભાજપ પોતાના વર્તમાન ત્રણ મંત્રીઓને જ ફરીથી ચૂંટણીમાં ઊભા રાખવા તૈયાર નથી. આ ત્રણ મંત્રીઓ છે : રાજ્યકક્ષાના નાણાંમંત્રી રોહિતભાઈ પટેલ, બાળવિકાસ મંત્રી નિર્મલાબેન વાધવાણી અને પંચાયત મંત્રી જયંતિભાઈ કાવડિયા.

આ ત્રણેય મંત્રીઓને આ વખતની ચૂંટણી લડવા નહીં મળે એવો નિર્ણય પક્ષ દ્વારા લેવાઈ ગયો હોવાની ચર્ચા પક્ષના જ અંતરંગ વર્તુળો કરી રહ્યા છે.

### મોદીની જેમ હાર્દિક પણ લોકપ્રિય છે

# ચૂંટણીમાં નવા ચહેરા ન લાવે તો ભાજપને જોખમ

ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેટલા લોકપ્રિય છે તેટલો જ લોકપ્રિય હાર્દિક પટેલ છે. પાટીદાર અનામત આંદોલનના કારણે મશહૂર થયેલો હાર્દિક તાલુકાકક્ષાએ પણ હજારોની સંખ્યા ભેગી કરી રહ્યો છે તે જોતાં ભાજપના હાઈકમાન્ડને ખતરો દેખાઈ રહ્યો છે. હાર્દિક કોઈપણ ભોગે ભાજપનો થવાનો નથી તેવું માનતા પાર્ટીના સિનિયિર નેતાઓએ પાર્ટીના ઉમેદવારોમાં પરિવર્તન કરવું અનિવાર્ય થઈ પડ્યું છે.

## ત્રણથી વધારે ટર્મ ધરાવતા ધારાસભ્યોને સંગઠનમાં કામ કરાવો...

મોદીએ ગુજરાતમાં ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨માં જે પ્રયોગ કર્યો હતો તેવો પ્રયોગ ૨૦૧૭માં કરવો જોઈએ તેવું પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ માને છે. મોદીએ એન્ટી ઈન્કમબન્સીને પ્રો-ઈન્કમબન્સીમાં ફેરવી હતી અને તેનું મૂળ ઉમેદવારો હતા. મોદીએ પ્રદેશના નેતાઓની નારાજગી વહોરીને પાર્ટીના સિનિયર કરી શકાય તેવા નેતાઓ અને ધારાસભ્યોને પડતા મૂક્યા હતા. આ પરિવર્તનના કારણે પાર્ટીમાં મોદી પ્રત્યે રોષ વ્યક્ત થયો હતો પરંતુ મોદીએ તેને ગણકાર્યો ન હતો.




પાર્ટીના હાઈકમાન્ડની સીધી સૂચના છે કે-ગુપાર્ટીના ઉમેદવારોને બદલી નાંખો અને ચૂંટણી જીતો, કોઈપણ સ્થિતિમાં આપણે આ ચૂંટણીને જીતવાની છે. બળવાખોરીનો ડર નહીં રાખો, આપણે ચૂંટણી જીતી શકે તેવા યુવા ચહેરાની આવશ્યકતા છે. હાઈકમાન્ડનો સીધો ઈશારો વર્તમાન ધારાસભ્યોને કાપવાનો છે. લોકો પાર્ટીથી ત્રાસી જતાં નથી પરંતુ ઉમેદવારો રિપીટ થતાં તેનાથી ત્રાસી જાય છે તે બાબત ખુદ મોદી જાણે છે, તેથી તેમણે આ પ્રયોગ ગુજરાતમાં કર્યો હતો.

મોદીની સૂચનાને પગલે ગુજરાતમાં એન્ટી ઈન્કમબન્સીની અસર હોવાથી પ્રદેશ ભાજપે વર્તમાન ધારાસભ્યોની ટીકીટ કાપીને નવા ઉમેદવારો પસંદ કરવાનું નક્કી કર્યું છે. ભાજપના હાલના ધારાસભ્યો સામે વિરોધ ઉભો થયો છે અને મોટાભાગના ધારાસભ્યો કે જેઓ ત્રણ કે તેથી વધુ ટર્મથી સત્તા ભોગવે છે તેમને નો-રિપીટ થિયરીમાં મૂકવામાં આવે તેવી સંભાવના છે. મોદીની ઈચ્છા અનુસાર ભાજપ ૨૦૧૭ની ચૂંટણીમાં યુવા અને મહિલા કાર્યકરોને ટીકીટ આપવા માગે છે.

## ૭૦ ટકા યુવાનો અને મહિલાઓને ટીકીટ આપવા હાઈકમાન્ડનું દબાણ...

છેલ્લી ત્રણ વિધાનસભામાં સૌથી વધુ બેઠકો મેળવીને સત્તા ભોગવી રહેલી ભાજપની સરકાર ચોથીવાર જો તેના ઉમેદવારો યથાવત રાખશે તો પાર્ટી જે તે બેઠક ગુમાવી દેશે તેવી દહેશતના કારણે પાર્ટીના સિનિયર નેતાઓમાં એક સૂર એવો ઉઠ્યો છે કે ધારાસભ્યો બદલવાથી એન્ટી ઈન્કમબન્સીની અસર નહીં રહે.

ભાજપ ગાંધીનગરના બન્ને ઉમેદવારોને બદલવા માગે છે, કારણ કે આ બન્ને બેઠકો પર ભાજપના હાલના ધારાસભ્યોને ટીકીટ આપવામાં આવે તો તેઓ હારી જાય તેવી સ્થિતિ છે, કારણ કે આ બન્ને ધારાસભ્યોએ ગાંધીનગરના પ્રશ્નો ઉકેલવામાં દુર્લક્ષ્ય રાખ્યું છે. લોકો સાથે સીધો સંવાદ ઉભો કર્યો નથી. ભાજપ અમદાવાદ, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢમાં પણ ઉમેદવારો બદલવાના મૂડમાં છે.

ગુજરાતમાં હજી અંદરખાને આનંદીબહેન પટેલ અને અમિત શાહનો ગજગ્રાહ ચરમસીમાએ છે ત્યારે અમદાવાદ સહિત ગુજરાતની બેઠકોમાં પાર્ટીને ભારે જહેમત ઉઠાવવી પડે તેમ છે. ગુજરાત ભાજપે આગામી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોને ટીકીટ આપવા મૂલ્યાંકન શરૂ કર્યું છે પરંતુ એ સાથે જ ભાજપ સામે મુશ્કેલીઓનો પહાડ ઉભો થઈ ગયો છે. ટીકીટ મેળવવા પક્ષમાં ચાલતી અંદરોઅંદરની ખેંચાખેંચી, સિટિંગ ધારાસભ્યો વિરૂદ્ધ સત્તાવિરોધી લહેર અને અસંતુષ્ટો પાર્ટીની સામે ખુલીને આવી રહ્યાં છે. જો કે હાઈકમાન્ડને તેની પરવા નથી.

## એન્ટી નહીં, પ્રો-ઈન્કમબન્સી માટે પરિવર્તન જરૂરી, હાર્દિક સૌથી મોટો પડકાર...

સૂત્રોએ જણાવ્યું કે કેટલાક પાર્ટી કાર્યકર્તાઓએ તો પક્ષના લાગતા વળગતાઓને ત્યાં સુધી કહી દીધું છે કે, જો તેમને ટિકિટ નહીં મળે તો આગામી ચૂંટણીમાં તેઓ ઈનએક્ટિવ થઈ જશે અથવા પોતાના ક્ષેત્રના કોંગ્રેસી ઉમેદવારને મદદ કરશે. રાજ્યમાં ઘણી એવી બેઠકો છે જેના પર ભાજપ પાસે ખૂબ જ ઓછું માર્જિન છે. અહીં પક્ષમાં અંદરોઅંદરની લડાઈ અટકાવવી ભાજપ માટે મોટી ચેલેન્જ બની ગઈ છે. અલબત્ત, પક્ષ જાણે જ છે કે તેના મોટાભાગના મંત્રીઓ અને ધારાસભ્યો વિરૂદ્ધ હાલ સત્તાવિરોધી લહેર ચાલી રહી છે. આમ છતાં હાઈકમાન્ડ મક્કમ છે.

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન અને ઠાકોર સેના-ઓબીસીનો ભાજપ સામેનો વિરોધ સપાટી પર આવેલો છે. અલ્પેશ ઠાકોર કોંગ્રેસમાં જોડાઈ ચૂક્યાં છે અને હાર્દિક પટેલ પણ ભાજપમાં જોડાવાનો નથી તેથી ભાજપ ભાજપના પ્રદેશ નેતાઓને ફાળ પડી છે. ગુજરાતમાં કોંગ્રેસનું વધતું વર્ચસ્વ મોદીને ખૂંચે છે તેથી આ વખતે તેઓ પાર્ટીના ૭૦થી વધુ ધારાસભ્યોને નો-રિપીટ થિયરીમાં મૂકવા માગે છે. જો આમ થશે તો પાર્ટીમાં બળવો થઈ શકે છે પરંતુ મોદીને તેની ચિંતા નથી, કારણ કે તેમને એન્ટી ઈન્કમબન્સીને પ્રો-ઈન્કમબન્સીમાં ફેરવવી છે. તેમણે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને ટીકીટ વિતરણમાં ઈશારો પણ કરી દીધો છે.

# આનંદીબહેન કેમ ઈચ્છતાં નથી કે પુત્રી અનાર ચૂંટણી લડે ?



ગાંધીનગર, તા. ૧

રાજકારણમાં સમીકરણો બહુ જલદી બદલાતા હોય છે. ગુજરાતના રાજકારણમાં નરેન્દ્ર મોદી પછી જેમના નામનો ડંકો વાગતો હતો તેવા પુર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ હાલમાં ખુબ જ નીરાશ અને એકલા પડી ગયા છે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન થયા પછી આનંદીબહેનને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા ત્યારે બહેન સાથે હોવાનો દાવો કરનાર તમામ સાથીઓ તેમને છોડી અમિત શાહની છાવણીમાં બેસી ગયા છે, જ્યારે નરેન્દ્ર મોદીના કહેવાથી તેમણે હવે તેઓ ચૂંટણી લડવાના નથી તેવી જાહેરાંત તો કરી દીધી પણ હવે, તેમના રાજકીય ભવીષ્ય અંગે નરેન્દ્ર મોદી પણ બહેનને ફોડ પાડી કઈ કહેતા નથી.૧૯૯૫માં ભાજપની સત્તા આવી ત્યાર બાદ બોર્ડના ચેરમેન પદથી લઈ તેમને શરૂ થયેલી રાજકીય સફર મુખ્યમંત્રીની ખુરશી સુધી પહોંચી હતી. સ્વભાવે કડક, પોતાનાનું ધાર્યું જ કરવા માટે જાણિતા આનંદીબહેનના નામના ભાજપમાં સિક્કો પડતો હતો, આસામાન્ય સંજોગોમાં પણ તેમની વાત કોઈ ઉથાપી શકતુ ન્હોતું, પણ આ સ્થિતિ બદલાઈ ગઈ છે. એક માત્ર અમિત શાહને ભાજપમાં ટક્કર આપનાર આનંદીબહેન હવે પોતાના લોકોથી હારી ગયા છે. જેમના ભરોસે તેમણે અમિત શાહ સામે લડાઈ શરૂ કરી હતી, તેઓ હવે તેમને છોડી શાહની શરણમાં જતા રહ્યા છે. સતત ટોળા અને સત્તાથી ઘેરાયેલા રહેલા આનંદીબહેનને મળવા હવે ભાગ્ય જ કોઈ આવે છે. આ સ્થિતિમાં તેઓ પણ હવે પોતાના અંગત લોકોને પણ મળવાનું ટાળી રહ્યા છે.ગુજરાત વિધાનસભાની ચૂંટણી જ વખતે તે સ્થિતિનું નિમાર્ણ થયું છે તેમાં આનંદીબહેન પોતાના વર્ષો જુના સાથીઓને પણ મદદ કરી શકે તેવી સ્થિતિમાં રહ્યા નથી, તેમના રાજકીય કદને ઘટાડી દેવામાં અમિત શાહ ઘણા અંશે સફળ રહ્યા છે. આનંદીબહેનનો મદાર નરેન્દ્ર મોદી ઉપર હતો, પરંતુ મોદી પણ આનંદીબહેનના પ્રશ્ને કોઈ અગમ્યા કારણસર અમિત શાહને નારાજ કરી બહેનને મદદ કરી શકે તેવી સ્થિતિમાં નથી. આ સ્થિતિમાં બહેન દ્વારા તો જાહેરાંત થઈ ગઈ કે તેઓ ચૂંટણી લડવાના નથી, જેના કારણે તેમના પુત્રી અનાર રાજકારણમાં આવી રહ્યા છે તેવી ચર્ચાએ જોર પકડયુ હતું, પણ સંજોગો જોતા આનંદીબહેન પણ ઈચ્છતા નથી કે તેમના સંતાનો રાજકારણમાં આવે, આનંદીબહેનને ડર છે કે આટલી લાંબા રાજકીય જીવન બાદ પણ તેમના પોતાના જ લોકો જો તેમને લાચાર આવસ્થામાં મુકી દેતા હોય તો તેમના સંતાનો સાથે આ કરતા પણ વધુ ખરાબ સ્થિતિ નિર્માણ કરવામાં આવશે, તેથી પુત્રી અનાર અને પુત્ર સંજય રાજકારણમાં આવવાનો નિર્ણય કરતા હોય તો પણ તેમણે તે દિશામાં વિચારવું જોઈએ નહીં તેવો તેમનો વ્યકિતગત મત છે.